R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 33 DATE: 17-08-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## પાકિસ્તાનમાં ધર્મનિંદાના આરોપસર ખ્રિસ્તીઓને આજીવન જેલમાં નાખવાની કટ્ટરવાદીઓનુ વ્યયસ્થિત આયોજન

ધર્મનિંદાના આરોપમાં સજ્જાદ મસીહ ગીલ,૨૮વર્ષ જેઓ પાકિસ્તાનના પકપટન ,પંજાબ જીલ્લાના વતની છે તેમને બે હજાર ડોલરનો દંડ કરવામાં આવ્યો છે તેમજ હજુ તેમને આજીવન સજાની જોગવાઇ ઉભી છે.

આફતાબ એલેકઝાંડર મુગલ, એડીટર,માઇનોરીટી કન્સન ઓફ પાક્િસ્તાન,ના જણાવ્યા પ્રમાણે, જ્જ મિયાન સાહજાદ રઝાએ ૧૩ જુલાઇના રોજ આપેલ તેમના ચુકાદામાં ભાર દંડ અને સજાનો નિર્દેષ કર્યો હતો.તેવું તેમના ન્યુઝ પેપરમાં જણાવાયું હતું.ગીલની ઉપર ધર્મિનીંદાનો આરોપ મુકવામાં આવ્યો હતો.જેમાં તેમણે ટેક્ષ મેસેજ મોકલ્યો હતો અને તેમાં મહમંદ પયગંબર અને ઈસ્લામ બાબતે નિંદા કરી હતી.આ મેસેજ મોલવીઓ તેમજ આ વિસ્તારમાં વગ ધરાવતા લોકો પર આ મેસેજ મોકલવામાં આવ્યો હોવાનો આરોપ લગાવાયો હતો.

મુગલના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનમાં આ પ્રથમ વાર બન્યું છે કે કોઈને ટેક્ષ મેસેજ મોકલવાના આરોપસર સજા કરવામાં આવી હોય.મુગલના જણાવ્યા પ્રમાણે ડીસેમ્બર ૧૮,૨૦૧૧ના રોજ ધર્મનિદાનો મેસેજ મલીક મહંમદ તારીક સલીમ,જે એક વેપારી છે અને ગોરજા જીલ્લામાં તોબા ટેકસિંહ માં રહે છે.બીજા દિવસે મુગલના જણાવ્યા પ્રમાણે મહંમદ તારીકે પોલીસમાં ફરિયાદ લખાવી. પોલીસે જેમ વર્તે છે તે પ્રમાણે કોઈપણ જાતની તપાસ કર્યા વગર ધર્મનિંદાઓ કેસ ફાઇલ કર્યો.અને ગીલ અને તેની ફીયાન્સ રુમા ઈલીયાસ સામે ફરિયાદ દાખલ કરી દીધી.

મુગલના જણાવ્યા પ્રમાણે આ ઘટના ઘટ્યા બાદ રુમા ઈલીયાસે ગીલ સાથે તેના સગપણના સબંધો તોડી નાંખ્યા હતા. અને યુકેમાં કોઈ અન્ય વ્યકિત સાથે લગ્ન કરવા વિચાર્યુ હતું.ગીલ પાસે જે મોબાઈલ ફોન હતો તે રુમાનો હતો અનેસીમકાર્ડ પણ રુમાના નામનું હતું. જેના પરથી ધર્મનિંદાનો મેસેજ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે.જેથી રુમાને પાઠ



ભણાવવાને માટે કેટલાંક મુસ્લીમ લોકોએ રુમા મસીહનું નામ એફઆઈઆરમાં ઉમેરાયું હતું.ડોન ન્યુઝ પેપરના સમાચારો મુજબ તેણી નું ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. અને યુ.કે માંથી પાકિસ્તાન લાવવાની તજવીજ કરવામાં આવી હતી પરંતુ તે સફળ બન્યું નહોતું.

પાકિસ્તાનમાં કટ્ટરવાદી પરિબળો દ્વારા ધર્મનિદાના આરોપસર ખ્રિસ્તીઓને કેવી રીતે ફસાવી દેવા તેની તજવીજ કરવામાં આવે છે. પોલીસ અને ન્યાયિક અદાલતો આ બાબતમાં કટ્ટરવાદીઓની તરફેણ કરતી હોય છે તેથી લઘુમતી ખ્રિસ્તીઓને ન્યાય મળવાની શક્યતા એકદમ ઘટી જાય છે.પાકિસ્તાનમાં કહેવાતી લોકશાહી ખતમ થઈ ગઈ છે.મોટે ભાગે સ્ત્રીઓને સકંજામાં લેવામાં આવે છે. અને તેના દ્વારા તેમના કુટુંબીજનોને ફસાવવામાં આવે છે.જો કે ઉપરની કોર્ટોમાં હજુ સુધી મોટાભાગના કેસોમાં ધર્મનિદાના આરોપો સફળ રહ્યા નથી.તેમજ પાકિસ્તાનની કહેવાતી લોકશાહી સરકાર પણ આંતરરાષ્ટ્રીય દબાણો ને કારણે દેખાવા ખાતર પણ થોડી ઘણી હળવાસ ઉભી કરવાનો પ્રયત્ન કરે છે.પરંતુ કટ્ટરવાદીઓ દિવસે દિવસે લોકશાહીને અજગરની માફક ભરડો લઈ રહ્યા છે.



## પાકિસ્તાનમાં ધર્મનિંદા કાયદાનો વિરોધ

પાકિસ્તાનના પંજાબ પ્રાંતની એક કોર્ટે ધર્મનિદાના કેસ એક ખ્રિસ્તી વ્યક્તિને આજીવન કેગ અને ૨ હજાર યુ.એસ.ડોલરનો દંડની સજા કરી હતી.જેમાં ખ્રિસ્તી વ્યક્તિ દ્વારા મોબાઈલ ઉપર ટેક્સ મેસેજ મોકલવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

તોબા ટેક સિહ જીલ્લામાં આવેલ કોર્ટે સજ્જાદ મસિહને ઉપરોકત સજા કરી હતી.જેમાં મુસ્લીમ મોલવીએ અને બીજા તેમના ગોરજા ટાઉનના ટેકેદારોએ સજ્જાદ ઉપર ધર્મનિંદા કરતા ટેક્સ મેસેજ મોકલ્યા હોવાનો આરોપ મુક્યો હતો તેને કોર્ટે બહાલ રાખી સજા કરી હતી.તેવું પાકિસ્તાનના ડોન ન્યુઝ પેપરે સમાચાર આપ્યા હતા.મસિહ જે પંજાબના પકપટ્ટન જીલ્લામાં રહે છે તેને ડિસેમ્બર ૨૦૧૧માં પકડવામાં આવ્યો હતો.પોલીસે એવો દાવો કર્યો હતો કે રોમા મસિહ નામની એક ગોરજા ટાઉનની છોકરી સાથે સબંધથી જોડાયેલ હતો. પરંતુ તેણીએ બ્રિટનમાં અન્ય કોઈ વ્યક્તિ સાથે કોન્ટ્રાકટ મેરેજ કર્યા હતા.તેણીને પાઠ શીખવવા માટે મસિહે તેણીનું સીમ કાર્ડ વાપરીને ધર્મનિંદા કરતા મેસેજ મુસ્લીમ મોલવીને તથા અન્યોને મોકલ્યા હતા. ગોરજા એ ધાર્મિક લાગણીઓ ધરાવતું કટ્ટર ગામ છે અને ભુતકાળમાં ત્યાંથી ખ્રિસ્તીઓ પર હુમલાઓ કરવામાં આવ્યા છે તેવા રીપોર્ટ પણ છે.પોલીસે ધર્મનિંદાનો કેસ સજ્જાદ મસિહ સામે દાખલ કર્યો હતો.પરંતુ મુસ્લીમ મોલવીની માંગણી થી પોલીસને સજ્જાદની ભુતપુર્વ ફિનાન્સને પણ કેસમાં દાખલ કરવા માટે મજબુર કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ઓપનડોર.યુએસએ ના રીપોર્ટ પ્રમાણે સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં ૫હજાર બાળકોએ તેમના જીવનો ગુમાવ્યા છે

સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં પાંચ હજારથી વધુ બાળકોએ તેમના જીવનો ગુમાવ્યા છે.તાજેતરમાં ઓપન ડોર ,યુએસએ દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયનું આ પ્રત્યે ધ્યાન દોરવા માટે રીપોર્ટ બહાર પાડવામાં આવ્યા હતા.જેમાં બે બાળકીઓની સાક્ષી જેઓ સીરીયામાં સતત ભયના ઓથાર નીચે જીવે છે તે આપવામાં આવી છે.જ્યાં સતત હિંસા અને મારીનાંખવાનું વાતાવરણ સર્જાયેલ છે.જે તેમની દિન બદિન રોજના જીવનમાં વણાયેલું છે.અનેક નિર્દોષ લોકો અને બાળકો તેનો ભોગ બને છે.સીરીયામાં શાંતિ સ્થપાય માટે ઈન્ટરનેશનલ સમુદાયે પ્રયત્ન કરવા

અનું . પાન નં. ૪ ઉપર




**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

બ્રિટનની સરકારે નવો વીઝીટર્સ વિઝા માટે કાયદો બહાર પાડ્યો છે. જેમાં યુકેમાં વિઝિટર્સ વીઝા પર આવનાર દરેક વ્યક્તિએ ૩ લાખના બોન્ડ લેવા પડશે.તેની ઉપરનું કારણ એ છે કે જે દેશો પર આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે તેમાં ભારત,પાકિસ્તાન,બંગલાદેશ, શ્રીલંકા,નાઇજીરીયા અને ઘાના છે.આ દેશોમાંથી યુકેમાં વિઝિટર્સ વિઝા પર આવનારા મોટા ભાગના લોકોની મનોવૃત્તિ ત્યાં રહી પડવાની હોય છે. તેમજ ત્યા જઇને નોકરી શોધી કમાણી કરવાની હોય છે. જ્યાં સુધી તેઓ રહી શકે ત્યાં સુધી તેઓ રહી પડે છે.આથી બ્રિટનમાં ગેરકાયદેસર વસવાટ કરનારાઓની સખ્યામાં બેહદ વધારો થઇ ગયો છે.જેની અસરો દેશ પર પડે છે.જે દેશોના લોકો પર આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે તેમાં મોટા ભાગના એશીયન દેશો છે. ભારતના ઘણા બધા લોકો વિદેશોમાં જઇને ગેરકાયદેસર રીતે વસવાટ કરે છે.અને ઘણી બધી વાર આપત્તિઓમાં તેમનો બોજો દેશે ઉઠાવવો પડે છે.

## મંતવ્ય

### સોનોગ્રાફીવાળા ગર્ભપરિક્ષણ કરનારા દવાખાના સરકારે બંધ કરતો કાયદો પસાર કરવો જોઇએ

આજે ભારતે વિજ્ઞાન ક્ષેત્રે ઘણી બધી પ્રગતિ કરી છે. તેમાં તેમણે માતના ગર્ભનું પરિક્ષણ થઇ શકે તેવા સાધનો શોધી કાઢ્યા છે.આ પધ્ધતિને સોનોગ્રાફી કહે છે.સોનોગ્રાફી દ્વારા જાણવા મળે છે કે માતાના ગર્ભમાં દિકરો છે કે દીકરી. આમ જાણ થતાં જો દિકરો હોય તો માતા ગર્ભપાત કરાવતી નથી અને દિકરી હોય તો માતા ગર્ભપાત કરાવે છે. અથવા તો તેના કુટુંબીજનો ગર્ભપાત કરાવવા માતાને મજબુર કરે છે.

આમ થતું અટકાવવા માટે હું એક કિશોરી તરીકે સરકારને અપીલ કરુ છું કે ગર્ભ પરીક્ષણના દવાખાના બંધ થાય તેવો કાયદો કરવો જોઇએ.જેથી અનેક કિશોરીઓ આ સુંદર દુનિયા જોઇ શકે અને મજા માણી શકે અને આ દુનીયામાં આવી શકે.

મેકવાન પ્રણાલી કમલેશભાઇ,આણંદ

અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારની અમુક ચાલીઓના દરવાજા પાસે જ ગંદકી રહેલી હોય છે. મ્યુનીસીપાલીટીના સભ્યો તેની પર ખાસ નોંધ લેતા નથી.અને અહીં ગંદકી ઓછી થતી નથી.ઘણીવાર તો ત્યાં પાણીના ખાબોચીયા ભરાઇ રહેવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે.અને મેલેરીયાના લોકો ભોગ બને છે.માટે મ્યુનીસીપાલીટીના સભ્યો અને અહીના રહેવાસીઓએ પોતાના વિસ્તારમાં ગંદકી દુર કરવા પ્રયત્ન કરવો જોઇએ. તેમજ તેમના વિસ્તારમાં કઇ મુશ્કેલીઓ છે તે ભેગા મળીને દુર કરવી જોઇએ. ક્રિસ્ટી જેનીફર .ડી.(અમદાવાદ)


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો.૯૩૭૫૨૦૯૯૨૪


**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઑલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્પર્સ એલેન્ડી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

# મહિલા અનામત ખરડો, ક્યારે બનશે કાયદો ?

વર્તમાન લોકસભામાં ૫૯ મહિલા સાંસદો છે. ગત લોકસભા કરતાં ૧૪ વધારે.આગામી લોકસભામાં કેટલી મહિલા સાંસદો હશે તેનો કોઇ નિશ્ચિત આંકડો એટલા માટે આપી શકાય નહી, કારણ કે ૩૩.૩ ટકા મહિલા આરક્ષણ હજુ વાસ્તવિક બન્યું નથી.૫૪૫ સાંસદોના ૩૩.૩ ટકા લેખે આપણી સંસદમાં ૧૮૧ મહિલા સાંસદો હોઇ શકે.દેશના વિવિધ રાજ્યોના ૪૦૧૧ ધારાસભ્યોમાં ૧૩૩૫ મહિલા ધારાસભ્યો હોવા જોઇએ. પણ નથી તે આ દેશની અને દેશની મહિલાઓની કઠણાઇ છે.

૧૨સપ્ટમ્બર,૧૯૯૬ના રોજ એચ.ડી.દેવગૌડાની યુનાઇટેડ ફ્રન્ટ સરકારે સંસદ તેમજ રાજ્યોની વિધાનસભાની બેઠકોમાં ૩૩.૩ મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઇ કરતાં વિધેયકનો મુસદો સૌ પ્રથમ સદનમાં રજુ કર્યો. ત્યાર બાદ છેક માર્ચ ૨૦૧૦માં તે સંસદમાં દાખલ થયું.ત્યાર પછી જમુનાન જમનોત્રી સહિત દિલ્હીની ગટરો અને ગંદા નાળાઓનું લાખો લિટર પાણી વહી ગયું, પરંતુ કોઇના પેટનું પાણી હાલ્યું નહી.મહિલા અનામત ભુલાઇ ગયું. વારંવાર વિધેયક રજુ થવા છતાં રાજનિતિક સર્વસંમતિના અભાવમાં દેશની સીતાઓ, દ્રોપદીઓ,મીરાઓ જે તે યુગમાં જેટલી ઉપેક્ષિત હતી તેટલીજ બલકે તેથી વધુ બદતર હાલતમાં છે તે હકીકત છે. દેશમાં શાસક પક્ષના મોટા ઘટકના પ્રમુખ સોનિયા ગાંધી અને વિરોધપક્ષના નેતા સુષમા સ્વરાજ મહિલા હોવા છતાં પણ લોકસભાના અધ્યક્ષ મીરા કુમાર છે. હમણાં સુધી પ્રતિભા પાટિલ રાષ્ટ્રપતિ રહી ચુક્યા, પણ આ બધું તો પાશેરમાં પહેલી પુણી !

માર્ચ ૨૦૦૮માં મુલાયમસિંહ યાદવે તત્કાલિન સરકાર પર એવો આક્ષેપ કર્યો હતો કે આગામી ચુંટણીઓ પહેલાં(એટલે કે વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચુંટણીઓ પહેલાં)મહિલા આરક્ષણ બિલ પાસ કરાવી દેવાનો બદઇરાદો સરકાર ધરાવે છે.તે વખતે આ વિધેયકને તેમણે ખતરનાક ગણાવ્યું હતું.૨૦૧૪ની ચુંટણીના પડઘમ સંભળાઇ રહ્યા છે ત્યારે મહિલા અનામત વિશે કોઇને પુછીએ તો પણ કોઇ આપણને હસી કાઢે. કેવા મુરખા જેવી વાતો કરે છે ?ભ્રષ્ટાચાર છે, અર્થતંત્ર ખાડે છે તેમાં મહિલા અનામતનો કોણ ભાવ પુછે ?

જો કે રાજ્યસભાએ ૯ માર્ચ ૨૦૧૦ના રોજ આ વિધેયકને મંજુર કરી દીધુ છે.પરંતુ લોકસભામાં તે અટક્યું છે.અને સંસદની સ્થાયી સમિતિને તે પરત મોકલાયું છે. સમગ્ર વિશ્વની રાષ્ટ્રીય સાંસદોમાં મહિલાઓના વર્ગીકરણની દષ્ટિએ ભારત ૧૦૯માં સ્થાને છે.ભારતીય લોકસભામાં આશરે ૧૧ટકા અને રાજ્યસભામાં આશરે ૧૦.૬ ટકા મહિલાઓ છે.

મહિલા અનામતના વિરોધીઓનું માનવું છે કે માત્ર ભદ્ર સમાજની સંભ્રાંત મહિલાઓને જ અનામતનો ફાયદો થશે.ગરીબ તથા વંચિત વર્ગની મહિલાઓની સ્થિતિમાં તેનાથી કશો ફેર નહીં પડે. જે કે,આપણે એ ભુલી જઇએ છીએ કે દેશભરમાં પંચાયત સ્તરે મહિલા અનામત ૩૩.૩ ટકા છે જ અને તે રુએ લગભગ દસેક લાખ મહિલાઓ દેશની પંચાયતોના વહીવટમાં સક્રિય છે. જે એ મોટી ક્રાંતિ છે.

'સંસ્કૃતા સ્ત્રી શિવા શક્તિ : 'એમ આપણે ત્યાં કહેવાયું છે.સંસ્કારી સ્ત્રી(ભણેલી-ગણેલી)કલ્યાણકારી શક્તિ છે. નાગી ફિલ્મો,સિરિયલો, સૌદર્ય સ્પર્ધાઓ, ચિયરગર્લ્સ,નાઇટ કલબો, વેલેન્ટાઇન દિવસો, ફેસબુકોના જમાનામાં પણ ભારતની સ્ત્રીઓ સંસ્કારી રહી શકી છે.રહી છે તે આપણા દેશના પુરુષોનુ સદનસીબ છે.બાકી પુરુષો તો રાવણ, દુઃશાસન, દુર્યોધનની ઓલાદોને શરમાવે તેવા નીચ અને હીન છે.તેમ કહેવામાં કોઇ ઝાઝી અતિશયોકિત નથી.

કેટલાક વળી એક પણ કહે છે કે રાજનીતીક પક્ષોએ જ પોતપોતાના પક્ષોમાં દસ ટકા મહિલા અનામત રાખવું જોઇએ.રાજ્યસભામાં મહિલા આરક્ષણ વિધેયકની ચર્ચા દરમિયાન ૯ માર્ચ,૨૦૧૦ ના રોજ મારા વ્યક્તવ્યમાં વિધેયકનું મે સમર્થન કર્યુ હતું. સરકારની આ પહેલ માટે તથા ભાજપ સહિતની કેટલીક મુખ્ય પાર્ટીઓના વિધેયકની તરફેણમાં વલણ અંગે ખુશી વ્યકત કરી હતી.રાજ્ય સભામાં તો આ વિધેયક પસાર થયું.પરંતુ લોકસભામાં કેટલાક પક્ષોની આડોડાઇને કારણે મહિલા સશક્તિકરણની દિશાનુ આ ઐતિહાસિક વિધેયક અટક્યું અને સ્ત્રી -પુરુષને સમોવડીયા ગણાતા વિકસિત સમાજની સામે ફરી એક વાર આપણે પાંગળા સાબિત થયા.આપણે સ્ત્રીઓને સમાન હક અને સમાન દરજ્જો આપવામાં ઉણા ઉતર્યા અને ફરી એકવાર સ્ત્રીઓ વિશે આપણે જે સામંતયુગીન દ્રષ્ટિકોણ ધરાવીએ છીએ અને વ્યાપક રીતે ભારતીય પુરુષ વર્ગ સ્ત્રીઓને હીન રીતે જોવાનું માનસિક વલણ ધરાવે છે તે વાતની પ્રતિતી જગતને કરાવી બેઠા.

મે રાજ્યસભામાં કહ્યું હતુ કે હું જે પ્રદેશમાંથી રાજયસભામાં ગયો છું તે ઝારખંડ રાજ્યમાંથી એક પણ મહિલા સંસદમાં નથી.એટલું જ નહી, ઝારખંડ વિધાનસભામાં પણ મહિલા વિધાનસભ્યોની સંખ્યા બે આંકડા સુધી પહોચી શકી નથી.મહિલા અનામત ખરડો જો કાયદો બને તો ઝારખંડ સહિત દેશના તમામ રાજ્યોની મહિલઓના સશક્તિકરણની એક નવી દિશા ખુલી શકે છે.આ ખરડામાં માત્ર ત્રણ સામાન્ય ચુંટણીઓ સુધી ૩૩.૩ ટકા મહિલા અનામતની જોગવાઇ છે.તેથી આગામી ૧૫ વર્ષમાં મહિલાઓની રાજકીય ક્ષેત્રે ભાગીદારીમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય, પરંત તે શક્ય ન બન્યું અને ફરી એકવાર મહિલા અનામતનું ગાડુ ધોંચમાં પડ્યું છે.

પરિમલ નથવાણી,
સાંસદ,રાજ્યસભા
(સૌ.સંદેશ)

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## વિનંતી



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# એક ભારત

# શ્રેષ્ઠ ભારત

# સ્વરાજ પછી સુરાજ્યની વિકાસયાત્રામાં અગ્રેસર ગુજરાત

### અગ્રેસર ગુજરાત :

★ માથાદીઠ આવક : વર્ષ ૨૦૧૧-૧૨માં રાષ્ટ્રની સરેરાશ માથાદીઠ આવક રૂા.૬૧૫૬૪/- સામે ગુજરાતની સરેરાશ માથાદીઠ આવક રૂા.૮૯,૬૬૮/-

★ભારતમાં ગુજરાતનું યોગદાન : ફાર્માસ્યુટિકલ ૩૫% કેમિકલ્સ ૫૧% પેટ્રોકેમિકલ્સ ૬૨% પ્લાસ્ટીક ઉદ્યોગ ૬૫% ડાયમંન્ડ પ્રોસેસીગ ૮૦% સોલ્ટ પ્રોસેસીંગ ૮૦%

### કૃષિ ક્ષેત્રે હરણફાળ

★ રાજ્યની કૃષિ આવક રૂા. ૧૪૦૦૦ કરોડથી વધીને રૂા.૧,૧૧,૦૦૦કરોડ થઈ.

★ટપક સિંચાઈ,સુક્ષ્મ પિયત પધ્ધતિમાં ક્રાંતિકારી સિધ્ધિ : ૭ લાખ હેકટર કરતાં વધુ વિસ્તાર આવરી લેવાયો.

### સામાજિક ઉત્કર્ષની પ્રતિબધ્ધતા

★ આદિજાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં આગામી પાંચ વર્ષ માટે રૂા.૪૦,૦૦૦ કરોડનું આયોજન

★સાગરખેડુઓના સર્વાંગી વિકાસ માટે આગામી પાંચ વર્ષ માટે સાગરખેડુ યોજના અંતગર્ત રૂા.૨૧,૦૦૦ કરોડની જોગવાઈ

★શહેરી ગરીબો, નવોદીત મધ્યમ વર્ગને પરવડે તેવા પાકાં મકાનો માટે મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજના અંતગર્ત પાંચ વર્ષમાં ૨૨ લાખ શહેરી આવાસોનો લક્ષ્યાંક

### મહિલાઓનું સશક્તિકરણ

★ મિશન મંગલમ : સખી મંડળોની આર્થિક પ્રવૃતિનો રૂા.૧૭૦૦ કરોડનો કારોબાર : આ વર્ષે બે લાખથી વધુ સખી મંડળો માટે રૂા. ૧૭૭ કરોડની જોગવાઈ

★કુપોષણ સામે જંગ : સગર્ભા અને ધાત્રી માતાઓ,કિશોરીઓ અને બાળકોમાં કુપોષણ દુર કરવા કુલ ૪૪ લાખ લાભાર્થીઓને માટે રૂા.૧૦૯૪ કરોડનું આયોજન.

★માતા અને બાળ સંભાળ : ચિંરજીવી યોજના, ઈ-મમતા અને માતૃવંદના જેવી યોજનાઓને પરિણામે વર્ષ ૨૦૦૧માં માતા મૃત્યુદર પ્રતિ ૧ લાખ જીવિત જન્મે ૧૭૨ હતો તે ઘટીને ૧૪૮ થયો.

### શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર

★ ડ્રોપ આઉટ રેટ : વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં ધોરણ ૧ થી ૫ માં ૧૭.૭૩ ટકા હતો તે ઘટીને ૨૦૧૨-૧૩માં ૨.૦૪ ટકા થયો જ્યારે ધોરણ ૧ થી ૭માં આ રેટ ૩૩.૭૩ ટકાથી ઘટીને ૭.૦૮ ટકા થયો.

★કન્યા કેળવણી અભિયાનને કારણે સ્ત્રી સાક્ષરતા દર વર્ષ ૨૦૦૧માં ૫૭.૮૦ ટકા હતો જે વધીને વર્ષ ૨૦૧૧ માં ૭૦.૦૭ થયો.

★ગુજરાત પહેલાં દેશભરમાં પ્રથમ એવી રક્ષાશક્તિ યુનીવર્સિટી,પેટ્રોલીયમ યુનીવર્સિટી, ચિલ્ડ્રન યુનીવર્સિટી,ફોરેન્સીક સાયન્સીસ યુનીવર્સીટી,કામધેનું યુની. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન જેવી શ્રેષ્ઠ સંસ્થાઓની સ્થાપના

## આઝાદી પર્વની સૌને હાર્દિક શુભકામના

## ૬૭ મું સ્વાતંત્ર પર્વ કચ્છની ખમીરવંતી ધરતી પર

# સામાજીક મુલ્યોનો ઇજારો ઉચ્ચ લોકો પાસે જ નથી

આપણે સૌ સામાજિક પ્રાણી કહેવાઈએ છીએ. પણ હકીકતમાં આપણે સામાજિક છીએ ?કેટલાક લોકો સમાજ થકી જીવે છે તો કેટલાક સમાજ માટે જીવે છે છતાં એક બાબત હકીકત છે કે વ્યક્તિનો વિકાસ ક્યારેય આ સમાજના સહકાર વગર શક્ય જ નથી.માટે જ સૌ સમાજમાં રહીને જ જીવવાનું પસંદ કરે છે.દરેક સમાજની જીવનશૈલી અલગ હોઈ શકે, દરેક સમાજના નીતિ નિયમો અલગ હોઈ શકે ,દરેક સમાજના મુલ્યો પણ અલગ હોઇ શકે અને આ દરેક બાબતનું પાલન કરવું જે તે સમાજના સભ્યની ફરજ બની જાય છે.સામાજિક મુલ્યો નું પાલન કરવાની જ ફરજ નથી,પણ સાથે તે મુલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની પણ દરેક સભ્યની ફરજ છે.માટે તો સમાજ ટકી રહ્યા છે.

હા... ક્યારેક સમાજમાં કેટલાં દુષણો પ્રવેશ કરતાં હોય છે, તો એ દુષણોને દુર કરવાની ફરજ પણ જે તે સભ્યની બની રહે છે.તો ક્યારે ક સમયમાં પરિવર્તન આવતાં સમાજના કેટલાક નીતિ નિયમોમાં પણ બદલાવ લાવવો પડે છે.આમ છતાં એટલું નક્કી છે કે નીતિ નિયમો બદલાય છે પણ સામાજિક મુલ્યો તો ટકી રહે છે.કારણકે તે અનુભવના નિચોડ રુપે અને સત્યના પાયા પર ઊભા હોય છે.

સામાજિક મુલ્યોની વાત આવે ત્યારે ઘણા લકો કહેતા હોય છે કે અમુક પછાત ગણાતી જ્ઞાતિમાં મુલ્યો ઓછા હોય છે કે નથી હોતા, મુલ્યો તો જાણે ઉચ્ચ ગણાતી જ્ઞાતિમાં જ ધરબાયેલા હોય છે. આ હકીકત આજે પણ કેટલાક માને છે.માટે તો ઘણી વાર રસ્તા પર કે સોસાયટીમાં કે ગામડાંમાં સાંભળવા મળે છે કે અમુક લોકો તો આવું(નકારાત્મક) કરે એમાં નવાઈ પામવા જેવું કંઈ જ નથી.અને અમુક લોકો કે વ્યક્તિ કોઇ ખરાબ કામ કરે તો કહે કે અલ્યા ભાઈ, તું આ જ્ઞાતિનો થઈને આવું કરે છે ?કહેવાનો અર્થ એ કે જ્ઞાતિવાદ ભુંસાતો જાય છે પણ લોકોના મનમાં ઘર કરી ગયેલા ખોટા વિચારો આજે પણ બદલાતા નથી.એવું જ ભણેલા અને અભણ માણસ માટે પણ કહેવાય છે.અભણ માણસ કંઇ પણ નકારાત્મક કામ કરે તો એમ કહેવાય છે કે એ તો ભણેલો નથી,તેની પાસે શું અપેક્ષા રાખવી ?જ્યારે કોઇ ભણેલો માણસ નકારાત્મક કામ કરશે તો લોકો કહેશે કે અલ્યા ભાઈ, તમે ભણેલા થઈને આવું કરો છો ? આ બાબત સાચી નથી.ક્યારેક અભણ માણસ પણ ભણેલાને ઘણું શીખવી જાય છે.તો પછાત ગણાતી જ્ઞાતિ ઉચ્ચ જ્ઞાતિને પણ ઘણું શીખવી જાય છે. આવી ઘટના હમણાં જ બની,જેમાંથી સામાજિક મુલ્યોમાં માનનારા અને પોતાની જાતને ઊચ્ચ જ્ઞાતિના કે ભણેલા સૌએ શીખવાનુ છે.

વાત એમ બની કે ઉચ્ચ ગણાતી જ્ઞાતિના એક ભણેલા ગણેલા કુટુંબમાં સાસુ-વહુને લઈને ઝગડા થતા હતા. જેમાં સાસુ થોડા અસ્થિર મગજના હતા. તેનાથી કંટાળીને સાસુ-સસરા પોતાના છોકરાને વહુથી છુટા પડીને વતનમાં રહેવા ગયા.નક્કી એવું થયું હતું કે છોકરાએ દર મહિને બે હજાર રૂપીયા આપવા.છોકરાએ વચન પાળ્યુ નહિ. ગરીબ માં-બાપે નોકરી શોધીને ફરી શહેરમાં રહેવા આવ્યા.છોકરા સાથે જ રહેવા આવ્યા. બીજા-ત્રીજા દિવસથી ઝગડા શરુ થઇ ગયા. પાંચ દિવસ પછી છોકરીના પપ્પા-ફોઇ અને છોકરાના પિત્રાઈઓ સમાધાન કરવા રાત્રે નવ-દસ વાગ્યે એકઠા થયા.સમાધાનની વાત શરુ થઈ,કોઈ મુદ્દો યોગ્ય રીતે મુકાય કે ચર્ચાય, તે પુર્વે શાંત ગણાતા છોકરાએ રોદ્ર સ્વરુપ ધારણ કર્યુ.સમાધાન માટે આવેલ પ્રતિષ્ઠિત માણસોનું અપમાન કર્યું. સમાધાન માટે આવેલા લોકો માંડ દસ મિનિટ બેઠા હશે અને થયેલા અપમાનને કારણે સમાધાન પડતું મુકીને નીકળી ગયા.સાથે એમ વિચાર્યુ કે જો છોકરાના માંબાપ અને છોકરીના સગાં રાત્રે અહી જ ભેગા રહેશે તો અડધી રાત્રે ઝગડશે. જે સમાધાન કરવા આવેલા પિત્રાઇ ભાઇ છોકરાના માંબાપને પોતાના ઘેર લઈ જવાનું કહયું.

છોકરાએ કે વહુએ તેના માંબાપને એમ ન કહ્યું કે તમે આટલી મોડી રાત્રે ના જશો.આ તમારુ જ ઘર છે.બીજી બાજુ છોકરાના સસરા અને ફોઈ ત્યાં જ રોકાયા.માંબાપ ફલેટમાંથી નીચે ઉતર્યા, રસ્તા પર બધા આવ્યા. હજુ એકબીજાની દલીલો ચાલતી હતી. રાત્રે ૧૧ વાગે રસ્તા પર નાનું ટોળુ પણ એકત્ર થઈ ગયું હતુ. ઉચ્ચ ગણાતા લોકો રાત્રે ૧૧ રસ્તા પર ઝગડી રહ્યા હતા.ત્યાં જ રબારી જ્ઞાતિના એક બહેન આવ્યા. તેમણે વાતનો સાર પકડી લીધો અને તુટી પડ્યા પેલી છોકરીના માંબાપને. તેમના વાક્યો અહીં રજુ કરુ છું.જે ભણેલા કે ઉચ્ચ ગણાતા સૌ લોકો એ સાંભળ્યા. રબારી જ્ઞાતિની બહેનના શબ્દો આ હતા.'' ઝગડા તો સાસુ-વહુ વચ્ચે થતાં જ હોય ,પરંતુ દીકરીના બાપે દીકરીનું ઉપરાણું ન લેવાય. તેને સમજાવવાની હોય, ઘરડા સાસું-સસરાની સેવા કરવાની હોય... તમે તો છોકરીના બાપ છો, છોકરીનું ઘર ભગાવવા આવ્યા છો. કે કરાવવા આવ્યા છો.? ડાહ્યા અને કમાતા સાસુ-સસરાને તો કોઇ પણ રાખે, પણ અસલ માંબાપને રાખે તે વહુ સારી કહેવાય. સાસુ ગાંડી હોય તો એના છોકરા ગાંડા જ હોય, તો પછી લગન શું કરવા કર્યા?અને લગન કર્યા છે તો સાસુ-સસરાને નિભાવીને તારી ખાનદાની બતાવ, આવુ અડધી રાતે શાહુકાર રોડ પર ઝગડા કરે એ સારુ ના કહેવાય, આવું કે તે ખાનદાન ના કહેવાય. વગેર. અંતે સમાધાન વગર સૌ છુટા પડ્યા.પણ જે બાબત સમાધાન કારીઓ કહેવા આવ્યા હતા તે બાબત તેઓ છોકરાના વર્તનને કારણે ન કહી શક્યા. પરંતુ રસ્તા પરથી પસાર થતાં અને કોઇ જ પરિચિતતા ન હોવા છતાં, પેલા રબારી અભણ બહેને કહી બતાવ્યું.આ બહેને સામાજીકતા દાખવી તે સલામને પાત્ર છે.આવા લોકો થકી જ સામાજિક મુલ્યો ટકી રહ્યા છે. નહી તો ભણેલા ગણેલા એમ જ કહે કે ના ફાવતું હોય તો છુટાછેડા લઈ લો.

રબારી બહેનના આ શબ્દો સાંભળ્યા પછી લાગ્યું કે વધારે શાહુકાર કોણ ?સામાજિક મુલ્યોના ખરા વારસદાર કોણ ? આમ સામાજિક મુલ્યોનો ખજાનો ઉચ્ચ જ્ઞાતિ પાસે કે ભણેલા પાસે જ છે.તેવા ભ્રમમાંથી બહાર આવી જવાની જરુર છે.આવી ઘટના બન્યા પછી પણ એમ માનવાને કોઇ કારણ નથી કે પેલો છોકરો અને વહુ તેના માંબાપને ઘરમાં પાછા બોલાવશે. કારણકે તેઓ પોતાની જાતને સુધરેલા માને છે અને માટે જ તેઓ સાચા જ છે તેમ પણ માને છે.

ડૉ.અશોક પટેલ
(સૌ.સંદેશ)

અનુ. પાન નં ૧ નું ચાલું.

જોઈએ.અમો રોજબરોજ અમારી આજુબાજુ શુ બની રહ્યું છે તે સમાચારો સાંભળીએ છીએ તથા તેનાથી દુ:ખી પણ થઈએ છીએ.દરેક સ્ટ્રીટ અને ગલીઓમાંથી સૈનિકો પહેરો ભરી રહ્યા છે. અમો ધુમાડા નિકળતા જોઇએ છીએ જે લડાઇના કારણે દેખાય છે તેમજ બોમ્બ ફુટવાના અવાજો સાંભળીએ છીએ. આ ૧૩ વર્ષની એક છોકરી યુમનાએ કહ્યું હતું.જે એક ખ્રિસ્તી છોકરી છે અને દમાસ્કસ,સીરીયામાં તેની બહેનની સાથે રહે છે.જેની ઉંમર ૧૦ વર્ષની છે અને નશીતા તેનું નામ છે તેવું ઓપન ડોર,યુએસ તરફથી જણાવાયું હતું.

સીરીયામાં હ્યુમન રાઇટ્સ માટે કાર્ય કરતા નિરિક્ષકના જણાવ્યા પ્રમાણે એક લાખથી વધુ લોકો આ સીવીલ વોરમાં માર્યા ગયા છે.સરકારી સૈનિકો અને સરકારના વિરોધ વચ્ચે ચાલેલી લડાઇમાં આ લોકોના મોત થયા છે.જેમાં પાંચ હજાર જેટલા નિર્દોષ બાળકોના મોત થયા છે તેમની એકંદરે ઉંમર ૧૬ વર્ષથી નીચે હતી.

એક દિવસ હું બસ દ્વારા સ્કુલે જઇ રહી હતી ત્યારે મે નજીકમાં જ ગોળીબારના અવાજો સાંભળ્યા. તેવું યુમનાએ જણાવ્યું હતું. તેથી અમો નીચે સુઇ ગયા.અમારી સીટની નીચે.અને રાહ જોવા લાગ્યા કે ગોળીબારના અવાજો શાંત થાય.બીજા દિવસે જ્યારે અમો સ્કુલમાં હતા ત્યારે એક વિમાન જે બોંબ ફેકવા માટે આવેલું તે અમારા સ્કુલની નજીકથી અમોને ધમકી આપતું ચાલી ગયાં, બોબથી બચવા માટે અમો બધા ભોયરામાં જતા રહ્યા હતા. જેથી ગ્લાસથી દુર રહી શકાય.હુ અને મારા ક્લાસના સહુ વિદ્યાર્થીઓ ખુબજ ભયભીત હતા.મારી આજુબાજુ નાના બાળકો રડી રહ્યા હતા.અને શિક્ષકોને બુમો પાડીને તેમની બીક પ્રદશિત કરી રહ્યા હતા.તેઓ પણ ભયભીત હતા.કેટલાક તેમના માંબાપને બોલાયા હતા અને તેમની સાથે ઘેર જવા આતુર હતા.નસીતાએ આ જણાવ્યું હતું.

યુનાઇટેડ નેશન્સ ઓફીસ ઓફ ધ સ્પેશીયલ રીપ્રેઝન્ટેટીવ ઓફ ધ સેક્રટરી જનરલ ફોર ચિલ્ડ્રન એન્ડ આર્મ કોન્ફીકટ આ રીપોર્ટની ચકાસણી કરી શકે છે. પરિસ્થિતિમાં બગાડો કરવા માટે કેટલીક વાર બાળકોનો દુરપયોગ પણ થાય છે.અને લડાઇમાં ઉટીયા તરીકે તેમનો ઉપયોગ થાય છે.અને ઘણી વાર ૧૦ વર્ષના બાળકોનો ઉપયોગ માલ સામાનની હેરાફેરી માટે પણ આ લોકો કરતા હોય છે.

---

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.

મનુષ્યોના પગમાં ૨,૫૦,૦૦૦ પ્રકારની અંતઃશ્રાવી ગ્રંથીઓ આવેલી હોય છે.

૧૯૮૦ના વર્ષ સુધી સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભુતાન જ એવો દેશ હતો જ્યાં ટેલીફોન વ્યવસ્થા ન હતી.

ઈંગ્લેન્ડમાં ગૃહ અધ્યક્ષને ગૃહમાં બોલવાની છુટ નથી હોતી.

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૬૯૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫ ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા, કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.